આરોગ્ય મંત્રાલય

## સામાજીક વસ્તી વિષયક માહિતીનું એકત્રીકરણ, ઉપયોગ, અને ખુલાસા માટે

આરોગ્ય મંત્રાલય દ્વારા COVID-19 રસી મેળવનારા લોકો પાસેથી સામાજીક વસ્તી વિષયક માહિતી એકત્રીત કરવામાં આવી રહી છે. જેમાં તેમનાં જાતિ, મૂળ, આવક, ઘરની સભ્ય સંખ્યા, અને ભાષાને લગતી માહિતીનો સમાવેશ થાય છે.

જો તમે મંત્રાલયને આ માહિતી આપવાનો નિર્ણય લો છો, મંત્રાલય દ્વારા આ માહિતીનો ઉપયોગ અને ખુલાસો ઑન્ટારિયોમાં રસીની વહેંચણી અને સંવર્ધન કેવી રીતે કરવા તેનાં આયોજનનાં ઉદ્દેશ્યથી અને કાનૂન દ્વારા આવશ્યક અને અધિકૃત અન્ય હેતુઓથી કરવામાં આવશે.

મંત્રાલય માહિતીનો ઉપયોગ અહેવાલ તૈયાર કરવામાં કરશે જે જાહેરમાં મળી શકશે. આ અહેવાલમાં તમારી ઓળખ માટે ઉપયોગ થઈ શકે એવી કોઈ માહિતીનો સમાવેશ નહિ થાય. મંત્રાલય પુષ્ટિ કરશે કે આ માહિતીનો ઉપયોગ લોકોની ગોપાનીયતાનું માન જળવાય તે રીતે અને જવાબદારીપૂર્ણ  કરવામાં આવે.

તમે આપેલી કોઈપણ માહિતીનો COVax સિસ્ટમમાં સંગ્રહ કરવામાં આવશે અને રસી કરણ ક્લિનિકનાં આરોગ્ય સંભાળ પ્રદાતાને મળી શકશે. COVax એક હેલ્થ રેકોર્ડ સિસ્ટમ છે જે મંત્રાલયનાં નિયંત્રણ અને કબજા હેઠળ છે.

**આ માહિતી પૂરી પાડવી મરજિયાત છે.**

તમે જો નહિ ઇચ્છતા હોવ તો તમારે માહિતી આપવી જરૂરી નથી. જો તમે સંમતિ નહિ આપો તો તમને COVID-19 રસી કે અન્ય લાભ નકારવામાં આવશે નહિ. તમે કોઈપણ નહિ, અમુક કે બધાં જ પ્રશ્નોનાં જવાબ આપી શકશો.

જો તમે માહિતી પૂરી પાડી હોય અને પછી ભવિષ્યમાં તેનાં ઉપયોગ બદલ તમારો વિચાર બદલાય તમે મંત્રાલયનો સંપર્ક કરી જણાવી શકો છો કે તમારી  સામાજીક વસ્તી વિષયક માહિતીનો ઉપયોગ કે ખુલાસો કરવો નહિ.

તમે મંત્રાલયને ConsentWD@ontario.ca. ઉપર ઈ મેલ કરીને જણાવી શકો છો.

તમે મંત્રાલયને તમારી માહિતી પૂરી પાડવા સંમતિ આપો છો?

☐ **વર્ણવેલા હેતુ માટે સામાજીક વસ્તી વિષયક માહિતી પૂરી પાડવા હું સંમતિ આપું છું.**

**તમારું વંશીય અને સાંસ્કૃતિક મૂળ શું છે?**

ઉદાહરણ: કેનેડીયન, ચાઈનીઝ, પૂર્વ ભારતીય, અંગ્રેજ, ઇટાલિયન, ફિલિપીનો, સ્કોટીશ, આઇરીશ, પોર્ટુગીઝ, જર્મન, પોલીશ, ડચ, ફ્રેંચ, જમૈકન, પાકિસ્તાની, ઈરાની, શ્રીલંકન, કોરિયન, યુક્રેનીયન, લેબનીઝ, ગયાનીઝ, સોમાલી, કોલંબીયન, યહૂદી, વગેરે.

<table>
<tr><td colspan="3">તમારું શ્રેષ્ઠ વર્ણન શું? તમામ લાગુ પસંદ કરો.</td></tr>
<tr><td>જાતિ શ્રેણી</td><td colspan="2">વર્ણન/ઉદાહરણ</td></tr>
<tr><td>☐ આફ્રિકન (કાળો)</td><td colspan="2">આફ્રિકન, આફરો-કેરેબીયન, આફ્રિકન-કેનેડીયન વંશ</td></tr>
<tr><td>☐ પૂર્વ એશિયાઈ</td><td colspan="2">ચાઈનીઝ, કોરિયન, જાપાનીઝ, તાઈવાનીઝ વંશ</td></tr>
<tr><td>☐ દક્ષિણ પૂર્વ એશિયાઈ</td><td colspan="2">ફિલિપીનો, વિયેટનામી, કમ્બોડિયન, થાઈ, ઈન્ડોનેશીયન અન્ય દક્ષિણ પૂર્વ એશિયાઈ</td></tr>
<tr><td>☐ લેટીનો</td><td colspan="2">લેટિન અમેરિકન, સ્પેનિશ વંશ</td></tr>
<tr><td>☐ મધ્ય પૂર્વીય</td><td colspan="2">આરબ, પર્શીયન, પશ્ચીમ એશિયન વંશ, દા.ત. અફઘાન, ઈજીપશીયન, ઈરાની, લેબનીઝ, ટર્કીશ, કુર્દીશ, વગેરે.</td></tr>
<tr><td>☐ દક્ષિણ એશિયાઈ</td><td colspan="2">દક્ષિણ એશિયાઈ વંશ, દા.ત. પૂર્વ એશિયાઈ, પાકિસ્તાની, બાંગ્લાદેશી, શ્રીલંકન, ઈન્ડો- કેરેબીયન, વગેરે.</td></tr>
<tr><td>☐ શ્વેત</td><td colspan="2">યુરોપિયન</td></tr>
<tr><td>☐ અન્ય જાતિ વર્ગ</td><td colspan="2">કૃપા કરી સ્પષ્ટતા કરો:</td></tr>
<tr><td>ગયા વર્ષે તમારા પરિવારની ટેક્ષ પહેલાંની કૂલ આવક કેટલી હતી?<br>એક પસંદ કરો.</td><td>☐ $0-$29,999<br>☐ $30,000 - $49,999<br>☐ $50,000 - $69,999<br>☐ $70,000 - $99,999</td><td>☐ $100,000 - $149,999<br>☐ $150,000 કરતાં વધુ<br>☐ ખબર નથી<br>☐ જવાબ નહીં આપવો પસંદ કરવું</td></tr>
<tr><td>નિયમિત રીતે, તમારાં પરિવારમાં તમારાં સહિત કેટલા લોકોનો સમાવેશ થાય છે?</td><td colspan="2">☐ 1 ☐ 2 ☐ 3 ☐ 4 ☐ 5 ☐ 6<br>અન્ય:<br>☐ ખબર નથી<br>☐ જવાબ નહીં આપવો પસંદ કરવું</td></tr>
<tr><td colspan="3">નાનપણમાં ઘરમાં સૌ પ્રથમ તમે કઈ ભાષા શીખ્યા હતાં અને હજુ પણ સમજો છો? કૃપા કરીને સ્પષ્ટતા કરો:</td></tr>
<tr><td>કેનેડાની અધિકૃત ભાષાઓ અંગ્રેજી અને ફ્રેંચમાંથી કઈ તમારા માટે વધુ સુગમ છે?</td><td>☐ ફ્રેંચ<br>☐ અંગ્રેજી<br>☐ અંગ્રેજી અને ફ્રેંચ બંને</td><td>☐ ખબર નથી<br>☐ બેમાંથી કોઈ નહિ<br>☐ જવાબ નહીં આપવો પસંદ કરવું</td></tr>
</table>